

વીજળીના ઝટકા ઉપર પ્રાથમિક ઉપચાર - આરોગ્ય .કૉમ - ગુજરાતી
Last Updated Tuesday, 17 January 2012 06:58

વીજળીના ઝટકા ઉપર પ્રાથમિક ઉપચારની શું ચિકિત્સા છે ?

Electric shock વ્યક્તિ જ્યાં સુધી વીજળીના તારના સંપર્કમાં હોય ત્યાં સુધી તેને અડો નહી! આ તમારા મૃત્યુનુ કારણ પણ થઈ શકે છે. આ વ્યક્તિને વીજળીના તારના સંપર્કમાંથી જેટલો જલ્દી બની શકે તેટલો જલ્દી દુર કરો. એક સુકી લાકડી અથવા દોરી તેના તરફ તે ફેંકી શકો છો અને આ કરવાથી કદાચ તે વીજળીનો પ્રવાહ બંધ કરી શકશો. જે વીજળીનો તાર દર્દીનો સંપર્ક કરી રહ્યો છે, તે એક કુલ્હાડીથી કાપી શકો છો. કુલ્હાડી વાપરતી વખતે એ વસ્તુ ધ્યાનમાં રાખો કે તમારા હાથ કોરા હોય અને કુલ્હાડીના લાકડાનો હાથો પણ કોરો હોય.

દરદી વીજળીના તારનો સંપર્ક છોડ્યા પછી તેના વીજળીના ઝટકા માટે તેણે કઈ સારવાર કરવી જોઇએ ?

- કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવાની સગવડ જેટલી બને તેટલી જલ્દી આપવી જોઇએ.
- દર્દીને શાંત રાખીને આરામ આપવો અને મળે તો પ્રાણવાયુની વ્યવસ્થા કરવી જોઇએ.
- બળેલા ભાગને, જે બળી ગયો છે તે હંમેશા ઉઘાડો હોય છે તેને તેજ રીતે સારવાર આપવી જોઇએ જે તે કોઇ બીજા બળેલા ભાગને આપો છો.

દરદીને ઝટકાને લીધે થયેલ ઇજાના લક્ષણો ક્યા છે ?

- તે કદાચ ભાન ગુમાવી બેસે છે.
- ચામડી સુસ્ત ભૂરા રંગની થઈ જાય છે અને અડવાથી તે ઠંડી અને ભીની લાગે છે.
- દર્દીનુ શરીર પરસેવાથી રેબઝેબ થઈ જાય છે.
- નાડીના ધબકારા નબળા થઈને જોરથી ચાલવા માંડે છે.
- આંખની કીકી પહોળી થઈ જાય છે.
- શ્વાસોશ્વાસ ઝડપી થાય છે અને છીછરા થઈ જાય છે.
- દર્દી અસ્વસ્થ થઈને નબળાઈ અને તરસની ફરીયાદ કરે છે.

ઝટકા માટે પ્રાથમિક ઉપચારની ચિકિત્સા શું છે ?

- દર્દીને તેની પીઠ ઉપર રાખીને તેના પગ માથા કરતા વધારે ઉંચા રાખો.
- જો ઝટકાને લીધે લોહી પડતુ ચાલુ થયુ હોય તો તરતજ બંધ કરવુ જોઇએ.
- દર્દીને હુંફમાં રાખો. તેને ઓઢાડવા માટે બીજા પટ્ટા અથવા બીજા આવરણો આપો.
- જો પહેલો મદદગાર તેનુ ગંભીર દર્દ મટાડી શકતો હોય તો તેણે તરતજ કરવુ જોઇએ.
- દર્દીના ઝટકાના વિકાસ માટે તે સૌથી વધારે યોગદાન કરતી વસ્તુ છે. જો અસ્થિભંગ થયુ હોય તો તેના ઉપર ખપાટિયુ બાંધવુ.
- જો એ વાતનિશ્ચિત થાય કે તેના પેટ ઉપર ઈજા નથી થઈ અથવા કોઇ જખમ નથી થયો, તો દર્દીને ગરમ પ્રવાહી પીવા માટે આપી શકાય છે.
- દર્દીને જેટલો જલ્દી બને તેટલો જલ્દી ઇસ્પિતાલમાં લઈ જવો જોઇએ.

જે લોકોને ઝટકો લાગ્યો છે તેમને કોફી અથવા ચા આપી શકાય ?

ના, જેટલો સમય ચા અથવા કોફી બનાવતા લાગે છે તેટલો સમય દર્દીને ઇસ્પિતાલમાં તેને તૈયાર કરીને લઈ જતા લાગે છે, જ્યાં તેની વિશેષ સારવાર થઈ શકે. દર્દીને ઉત્તેજીત કરવા દારૂ આપી શકાય છે. આ સ્થિતિ ફક્ત છેવટે ઝટકાની અસર વધારે કરશે.

જે દરદીને ઝટકો લાગ્યો છે તેને ઉત્તેજીત કરવા દારૂ આપવો જોઇએ ?

ના, આ ફક્ત છેવટે ઝટકાની સ્થિતિને વધારશે.

1 / 1